કપરાડાના ટીટુમાળ ગામે વાઘ નદીનો જર્જરિત પુલ ૬ મહિનાથી બંધ

# કપરાડામાં વિદ્યાર્થીઓને પાંચ કીમીનો ફેરો

**પુલ** બંધ હોવાથી આદિવાસી શ્રમિકોને ૧૦થી ૧૫ કિલોમીટરનો વધારાનો ચકરાવો

**સરકારી** ફાઇલોમાં અટવાયેલા રિપેરિંગ કામના કારણે સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો

**વહેલી** તકે વૈકલ્પિક વ્યવસ્થા ન થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ







વલસાડ : વલસાડ જિલ્લાના અને સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીની સરહદે આવેલા કપરાડા તાલુકાના ટીટુમાળ ગામે વાઘ નદી ઉપર આવેલો પુલ છેલ્લા છ મહિનાથી જર્જરિત હાલતને કારણે તંત્ર દ્વારા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. જોકે સરકારી તંત્રની ફાઈલોમાં અટવાયેલા પૂલનું રિપેરિંગ કામ હજુ શરૂ ન થતા આ પુલનો ઉપયોગ કરતા ટીટુમાળ સહિત આસપાસના 15 થી 20 ગામોના સ્થાનિકો, વાહનચાલકો, મુશ્કેલીમાં મુકાયા છે. વિશેષ કરી વિદ્યાર્થીઓએ પાંચ કિલોમીટર ટુકવાડા હાઈસ્કૂલ ભણવા જવા માટે મજબૂર થયા છે.

આ વિસ્તારના હજારો આદિવાસી શ્રમિક ભાઈ-બહેનો રોજગારી અર્થે સેલવાસ, વાપી, દમણ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં આ જ પુલ પરથી અવર-જવર કરતા હતાં. પુલ બંધ થવાથી તેમને 10-15 કિલોમીટરનો વધારાનો ચકરાવો કાપવો પડે છે. જેના કારણે સમય અને પૈસાનો વ્યય થાય છે અને અનેક લોકોની રોજીરોટી છીનવાઈ ગઈ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ, ખેડૂતો અને બીમાર દર્દીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસા દરમિયાન પરિસ્થિતિ વધુ વિકટ બને છે. સ્થાનિકોની માંગણી છે કે નવો પુલ બને ત્યાં સુધી વૈકલ્પિક કાચા રસ્તાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે અને એસ.ટી. બસ સેવા શરૂ કરવામાં આવે અને આ કામને અગ્રતા આપીને ઝડપથી પૂર્ણ કરવામાં આવે.

જો વહેલામાં વહેલી તકે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નહીં આવે તો ટીટુમાળ સહિત આસપાસના ગામોના આદિવાસી પરિવારો સાથે મળીને ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેમ સ્થાનિકો જણાવી રહ્યા છે.

### દર્દીને લઈ જવામાં મુશ્કેલી ઉભી થાય છે



ટીટુમાળ ગામના ડેપ્યુટી સરપંચ વિજય ગોંડે જણાવ્યું કે, 6 મહિના અગાઉ પુલના સર્વે બાદ તેને બંધ કરાયો હતો. જો કે આ પુલ રિપેર ક્યારે થશે તે અંગે કોઈ કશું કહેતા નથી. ત્યારે 20 ગામના હજારો લોકો માટે અતિ મહત્વના આ બંધ પુલને રિપેર કરી ફરી શરૂ કરવામાં આવે. સ્થાનિકો, વિદ્યાર્થીઓ અને વિશેષ કરી ઇમરજન્સી સમયે બીમાર દર્દીને લઈ જવામાં મુશ્કેલી ઉભી થાય છે.



# વિદ્યાર્થીઓ માટેની સાયકલો ભંગારના ગોડાઉનમાંથી મળી

**વલસાડના** વેજલપુર ગામે સરકારી સાયકલોનું મોટું કૌભાંડ સામે આવ્યું

વલસાડ : વલસાડ તાલુકાના વેજલપુર ગામે સરકારી યોજના હેઠળ મળતી સાયકલો અંગે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વેજલપુરમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાંથી ગરીબ કલ્યાણ મેળો અને શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન વિતરણ કરવા માટે આવેલી સરકારી સાયકલોનો જથ્થો મળી આવતા વિસ્તારમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

મળતી માહિતી મુજબ, ભંગારના ગોડાઉન માલિક દ્વારા કથિત રીતે આ સરકારી સાયકલો ખરીદીને તેને કટીંગ (ટુકડા) કરી મોટા વેપારીઓને વેચવાનું એક મોટું કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું હતું. ગોડાઉન પર તપાસ દરમિયાન મોટી સંખ્યામાં આખી સાયકલોનો જથ્થો તેમજ કેટલીક સાયકલો કટીંગ થયેલી હાલતમાં મળી આવી હતી. જે સાયકલો ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે તેમના સુધી પહોંચવી જોઈતી હતી, તે સાયકલો વિદ્યાર્થીઓના બદલે ભંગારના ગોડાઉનમાં કઈ રીતે પહોંચી તે અંગે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટનાને પગલે સ્થાનિકો અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ સમગ્ર કૌભાંડ પાછળ કોની સંડોવણી છે ? કયા અધિકારીઓ કે વચેટિયાઓની બેદરકારી છે ? તે બહાર લાવવા માટે શિક્ષણ વિભાગ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે કડક તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

# નવસારીમાં મોબાઈલ ટાવરના જનરેટરમાં આગ લાગતા અફરાતફરી

**રહેણાક** વિસ્તારો ઉપરાંત સ્કૂલ આવેલી હોવાથી નાગરિકો દ્વારા ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ



નવસારીઃ નવસારીના વોર્ડ નંબર-૨માં આવેલા માધવ માર્કેટ સ્થિત મણીભાઈના ટાવરના ત્રીજા માળે બપોરે આશરે ૩:૨૫ વાગ્યે આગ લાગતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોબાઈલ ટાવરના જનરેટરમાં આગ લાગતાં આકાશમાં ધુમાડાના કાળા ગોટેગોટા ફેલાયા હતા, જેને પગલે સ્થાનિક લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટ કે ટેકનિકલ ખામીને આગનું કારણ માનવામાં આવી રહ્યું છે.

આસપાસ ગૌરીશંકર મહોલ્લા સહિતના રહેણાક વિસ્તારો ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવાથી આવી ઘટનાઓ સામે નાગરિકો સુરક્ષા વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉ પણ અહીં આગ લાગવાની ઘટના બની ચૂકી છે. ટાવરની આવક સામે જરૂરી અગ્નિસુરક્ષા અને ટેક્નિકલ સલામતીના સાધનો જળવાય તે અનિવાર્ય છે. સમયસર ફાયર બ્રિગેડ પહોંચવાથી મોટી દુર્ઘટના ટળી હતી, ત્યારે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે તંત્ર દ્વારા કડક નિરીક્ષણ કરવામાં આવે તેવી લોકમાગ પ્રબળ બની છે.

# વારોલી નદીમાં સ્કૂલ બેગમાંથી નવજાતનો મૃતદેહ મળી આવતા ચકચાર

**નદી** કિનારે માછીમારી કરવા ગયેલા ગ્રામજનોની જાળમાં સ્કૂલ બેગ ફસાતા ભયાનક સત્ય બહાર આવ્યું

**જન્મ** છુપાવવા વાલી-વારસોએ કાસળ કાઢીને બેગમાં ફેંકી દીધાની આશંકા

ઉમરગામ : ઉમરગામના હુમરણ વારોલી નદીમાંથી મળેલી સ્કૂલ બેગમાંથી એક મૃત તાજી જન્મેલી બાળકીનો મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી છે. બાળકીને કોણે ત્યજી દીધી તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત પોલીસ સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના હુમરણ ગામમાં રહેતા રોહિતભાઈ દાદુડા થતા હરિભાઈ દાદુડા રવિવારે ગામની હુમરણ વારોલી નદીમાં માછલી પકડવા ગયા હતા ત્યારે તેમની માછલી પકડવાની જાળમાં એક સ્કૂલબેગ આવતા બેગ ખોલીને તેઓએ જોયું તો કપડામાં વીંટાળેલી મૃત હાલતમાં તાજી જન્મેલી બાળકીની લાશ જોવા મળતા તરત જ તેમને ગામના આગેવાન દીપકભાઈ ધોડી જાણ કરી હતી. ત્યારબાદ તુરંત જ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃત બાળકીના હાથમાં તથા પેટના ભાગે પટ્ટી લગાડેલી હતી તથા ડાયપર પહેરાવેલું હતું.

કોઈ અજાણી માતાએ તથા પિતાએ તથા વાલી વારસોએ પોતાની નવજાત બાળકીનો જન્મ છુપાવવા બાળકીને સ્કૂલ બેગમાં ભરી મૃતદેહ ત્યજી દઈ ગુનો કરેલ હોય ઉમરગામ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી લાશનું પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

આખરે તંત્ર દ્વારા માપણી કરાવીને ગેરકાયદે બાંધકામ હટાવવા તવાઈ શરૂ

# સોલધરામાં ગેરકાયદે બાંધકામ મામલે પ્રાંત અધિકારીના આદેશથી દોડધામ

**માર્ગ** મકાન વિભાગની જમીન પરના દબાણ મામલે પ્રાંત અધિકારીએ અધિકારીઓને ઝાટક્યા

**૭ દિવસમાં** દબાણ દૂર કરવા આદેશ, પંચાયત નિષ્ફળ જશે તો બોડી બરખાસ્ત કરવાની પણ ચીમકી




ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના સોલધરામાં ખેરગામ રોડ સ્થિત સોમનાથ રેસીડેન્સી અને પેટ્રોલ પંપના બાંધકામમાં માર્ગ મકાન દ્વારા સંપાદિત જમીનમાં દબાણનો મુદ્દો ટલ્લે ચઢાવી સમગ્ર પ્રકરણ આડે પાટે લઈ જવાની લેખિત રજૂઆત બાદ પ્રાંત અધિકારી દ્વારા સ્થળ પર પહોંચી જવાબદાર અધિકારીઓનો ઉધડા લઈ કાર્યવાહી માટે તાકીદ કરી હતી. પ્રાંત અધિકારીના કડક અભિગમ બાદ ગ્રામ પંચાયત દ્વારા પણ નોટિસ ફટકારી દિન - ૭ માં દબાણ દૂર કરવા જણાવાયુ છે.

સોમનાથ રેસીડેન્સીના બાંધકામમાં માર્ચ ૨૦૨૪ માં માર્ગ મકાન દ્વારા નોટિસ આપી દબાણ દૂર કરવા જણાવાયુ હતુ. પરંતુ નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ગામમાં એપ્રિલ ૨૦૨૫ માં લોક સંવાદ દરમ્યાન ગ્રામજનોએ રજૂઆત કરતા જિલ્લા કલેક્ટર દ્વારા તપાસની સૂચના આપવામાં આવી હતી. જેમાં પણ કોઈ નક્કર કાર્યવાહી ન કરી સંપાદિત જમીનમાં દબાણનો મુદ્દો અભરાઈએ ચઢાવી આરઓડબલ્યુની જ કેસેટ વગાડી બાંધકામ તેમાં ન આવતુ હોવાનુ જણાવી સમગ્ર પ્રકરણ આડે પાટે ચઢાવવામાં આવતા સોલધરાના આગેવાન દ્વારા પ્રાંત અધિકારીને સંપાદિત જમીનના પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત બાદ પ્રાંત અધિકારી નિશાંતભાઈ, મામલતદાર હિરેનભાઈ, ટીડીઓ ભાવનાબેન માર્ગ મકાનના કાર્યપાલક ઈજનેર મનીષભાઈ સહિતના અધિકારીઓ સ્થળ પર પહોચતા રજૂઆત કર્તા સ્થાનિક આગેવાન ધર્મેશભાઈ સહિતનાઓએ ત્રણ ત્રણ વર્ષથી રજૂઆત કરવા છતાં દબાણ દૂર કરવા તાલુકા પંચાયત, માર્ગ મકાન અને ગ્રામ પંચાયત દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવી હોવાનુ જણાવ્યું હતુ. જો કે પ્રાંત અધિકારી નિશાંતભાઈ દ્વારા કડક અભિગમ દાખવી રોડ માર્જિન બાબતે તાત્કાલિક માપણી કરાવી માર્જિનમાં આવતુ દબાણ દૂર કરવા આદેશ આપ્યો હતો. ગ્રામ પંચાયત દ્વારા કાર્યવાહી ન કરવામાં આવે તો જરૂર પડ્યે બોડી બરખાસ્ત કરવા સુધીની કાર્યવાહી માટે ટીડીઓને જણાવ્યું હતુ.

### જરૂર પડ્યે ગુનો દાખલ કરવા જણાવાયું

વધુમાં સોમનાથ રેસીડેન્સીના બીજા ભાગનું બાંધકામ કે જે ગ્રામ પંચાયતની પરવાનગી વિના કરવામાં આવ્યું હતુ અને તેમાં આકારણી પણ ન કરવામાં આવી હોવા છતાં કેટલીક દુકાનોના દસ્તાવેજ થવા સાથે પ્રોપર્ટી કાર્ડ પણ બની ગયા હોવાની રજૂઆતમાં પણ પ્રાંત અધિકારી દ્વારા તપાસ કરવાની સૂચના આપી જરૂર પડ્યે ગુનો દાખલ કરવા માટે પણ જણાવાયુ હતુ. જો કે માર્ગ મકાન દ્વારા તેમના વિભાગના એક નિવૃત્ત ક્લાસ વન અધિકારીની પોલ ન ખુલે તે માટે ઢાંકપિછોડો કરવામાં આવી રહ્યો હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જો કે પ્રાંત અધિકારીના કડક વલણ બાદ જવાબદાર કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો સાથે માર્જિનમાં આવતી દુકાનના માલિકોમાં પણ દહેશત ફેલાવા પામી હતી.

# નવસારીમાં વર્ગ-૪ની જગ્યાઓ પર કાયમી ભરતી કરવા રજૂઆત

**આઉટસોર્સિંગ** વ્યવસ્થાની સમીક્ષા કરવા અને સફાઈ કામદારોની ભરતીના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અનુરોધ

નવસારી : નવસારી જિલ્લામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો તેમજ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં વર્ગ-૪ની જગ્યાઓ પર કાયમી ભરતી કરવામાં આવે તે હેતુથી અખિલ ભારતીય વાલ્મિકી સમાજ વિકાસ પરિષદ દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. સંગઠન દ્વારા આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પદ્ધતિ અંગે પુનર્વિચાર કરવા સાથે સફાઈ કામદારોની ભરતી સંબંધિત મુદ્દાઓ પર પણ સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

પરિષદે જણાવ્યું છે કે સરકારી વિભાગોમાં પટાવાળા, ચોકીદાર, સફાઈ કામદાર અને ડ્રાઈવર સહિતની વર્ગ-૪ની જગ્યાઓ પર નિયમિત ભરતીને બદલે આઉટસોર્સિંગથી કામગીરી લેવાતી હોવાથી કાયમી રોજગાર ઈચ્છુક ઉમેદવારોની તકો જોખમાય છે. નિયમિત રોજગાર કર્મચારીઓને આર્થિક સ્થિરતા પ્રદાન કરે છે, તેથી વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૪ના સરકારી ઠરાવોની નીતિની સમીક્ષા કરવી જરૂરી છે.

આ ઉપરાંત, નગરપાલિકાઓમાં સફાઈ કામદારોની ભરતીમાં વાલ્મિકી સમાજના ઉમેદવારોને યોગ્ય તક મળી રહે તે માટે રોસ્ટર પદ્ધતિ અને નિયમો ધ્યાને લેવા વિનંતી કરાઈ છે.

# સુંદર કામગીરી બદલ નવસારીના કલેક્ટરને મુખ્યમંત્રીની શાબાશી

**દિવ્યાંગો** અને વડીલોના જીવનમાં સરળતા લાવવાના પ્રયાસોને રાજ્યસ્તરે બિરદાવાયા



નવસારી : સરકારી યોજનાઓનો લાભ સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને વરિષ્ઠ નાગરિકો તથા દિવ્યાંગજનોને રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓ હળવી બને તે દિશામાં નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બિરદાવી છે. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા આ પ્રયાસોની પ્રશંસા કરતાં મુખ્યમંત્રીએ શુભેચ્છા પત્ર પાઠવી પ્રોત્સાહન આપ્યું છે.

જિલ્લામાં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનોને જરૂરી સહાયક ઉપકરણો ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લા મિનરલ ફાઉન્ડેશનની ગ્રાન્ટ, રાષ્ટ્રીય વયોશ્રી યોજના અને ADIP યોજનાનું સંકલન કરવામાં આવ્યું હતું. આ પહેલના ભાગરૂપે જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ૧૩ મૂલ્યાંકન શિબિરો યોજાઈ હતી. આ શિબિરોમાં ૭,૦૦૦થી વધુ લાભાર્થીઓની શારીરિક તપાસ કરી તેમની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વ્હીલચેર, મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ, શ્રવણયંત્ર સહિતનાં ૩૦,૦૦૦થી વધુ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કામગીરીને વધુ સુલભ અને કાયમી સ્વરૂપ આપવા માટે ચીખલી તાલુકામાં ALIMCOના સહયોગથી 'પ્રધાનમંત્રી દિવ્યાશા વયોશ્રી કેન્દ્ર' સ્થાપવાનો પ્રસ્તાવ પણ રજૂ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @2047'ના લક્ષ્ય અને સમાવેશી સુશાસનની ભાવનાને અનુરૂપ કરવામાં આવેલા આ પ્રયાસોમાં માનવતાવાદી અભિગમ અને યોજનાકીય સંકલન પર ભાર મૂકવામાં આવ્યો છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

મિલ્કત વેચવાની છે

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ Mo. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**જુનો સામાન લેવામાં**
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**જગ્યા ભાડે આપવાની છે**
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિદ્યા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

**જુના AC લેવામાં**
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo.7862990838

**કશ્મી ટુરીઝમ**
ભાઈબીજે વૈષ્ણોદેવી કાશ્મીર, અમૃતસર પુષ્કર (દિવસ 12) 6352474903

**મહાદેવ ટુર**
એન્ડ ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદ રણ) 7802062340 (373)

**ઓમશિવ ટ્રાવેલ્સ**
23- ઓક્ટોબર, ખાટુશ્યામ, સાલાસર બાલાજી, સાવરીયાશેઠ, ઉદયપુર, જયપુર, શ્રીનાથજી, માઉન્ટઆબુ. દિવાળી પ્રવાસો (સફેદરણ, કચ્છ, માંડવી, માતાનોમઢ, નારાયણ સરોવર, કોટેશ્વર) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, ખાટુશ્યામ, માઉન્ટઆબુ) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

**સલુન માટે જગ્યા**
ભાડે આપવાની છે. 700 સ્કવેર ફીટ, લેડીઝ/ જેન્ટ્સ જેન્ટસ માટે, પ્રથમ માળ ઉપર, ફુલ ફર્નિચર સાથે, એટેચ ટોઈલેટ બાથરૂમ સાથે ભાડે અથવા વેચવાની છે 9426152570 (371)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*